# ઇરાને મિસાઇલો, ડ્રોન્સ સંતાડવા અનેક ભૂગર્ભ શહેરો બનાવ્યા

**પહાડો** હેઠળ મજબૂત ખડકો કોતરીને બનાવવામાં આવેલા આ બોગદાઓ ભારે બોંબમારામાં પણ સુરક્ષિત રહે છે

**આ** બોગદાઓમાં એક અંડરગ્રાઉન્ડ રેલ સિસ્ટમ છે, જે શસ્ત્રની હેરફેર કરી શકે છે

**ઇરાન** પાસે હજી પણ અડધા લોન્ચર્સ અને હજારો ડ્રોન અકબંધ હોવાની ગુપ્તચર માહિતી

દુબઇ, તા. ૫: મધ્ય ઈરાનના એક પહાડમાં આશરે 500 મીટરની ઊંડાઈએ આવેલું યઝદ મિસાઈલ બેઝ એક બંકર કરતાં વધુ તો પથ્થરોની વચ્ચે કોતરાયેલો એક કિલ્લો છે. પૃથ્વી પરના સૌથી કઠણ ખડકોમાંના એક એવા 'શીરકુહ ગ્રેનાઈટ'માં આ સુવિધા તૈયાર કરવામાં આવી છે, જે સામાન્ય બાંધકામ સામગ્રી કરતા અનેકગણું વધુ દબાણ સહન કરી શકે છે.

આ મજબૂત ખડક અમેરિકાના સૌથી શક્તિશાળી બંકર-બસ્ટર બોમ્બ–GBU-57 મેસિવ ઓર્ડનન્સ પેનિટ્રેટર–માટે પણ અત્યંત કઠિન અવરોધ ઊભો કરે છે. પહાડની અંદરના ભાગને એવી રીતે કોતરવામાં આવ્યો છે કે તે લશ્કરી મથકને બદલે કોઈ છુપાયેલા શહેર જેવું લાગે છે. એવું માનવામાં આવે છે કે આ ગુપ્ત સુવિધામાં એક સ્વચાલિત રેલ સિસ્ટમ છે, જે ટનલ દ્વારા એસેમ્બલી એરિયા, સ્ટોરેજ ડેપો અને પહાડની જુદી જુદી સપાટીઓ પર આવેલા અનેક છુપાયેલા પ્રવેશદ્વારોને જોડે છે. ઈરાની પ્રચાર વીડિયોમાં જોવા મળતા આ પ્રકારના અન્ય ભૂગર્ભ 'મિસાઈલ શહેરો'ની જેમ, અહીં પણ લોન્ચર્સને ટ્રક પર ઝડપથી ફેરવવામાં આવે છે, ફાયરિંગ માટે બહાર લાવવામાં આવે છે અને પલકવારમાં મજબૂત સશસ્ત્ર દરવાજાઓની પાછળ ફરીથી ભૂગર્ભમાં ખેંચી લેવામાં આવે છે.







ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના અવિરત હુમલાઓ છતાં, તે હજુ પણ મધ્ય પૂર્વમાં તેના રોકેટ અને ડ્રોનનો ભંડાર વાપરવા માટે સક્ષમ છે. ઇન્સ્ટિટ્યૂટ ફોર ધ સ્ટડી ઓફ વોર (ISW)ના જણાવ્યા અનુસાર, ટ્રમ્પના ઈરાન સાથેના યુદ્ધની શરૂઆતથી માત્ર યઝદ મિસાઈલ બેઝ પર જ ઓછામાં ઓછા છ વખત હુમલા કરવામાં આવ્યા છે, જેમાં 1 માર્ચ, 27 માર્ચ અને 28 માર્ચના હુમલાઓનો સમાવેશ થાય છે. 28 માર્ચના રોજ એક ઓપન સોર્સ ઇન્ટેલિજન્સ એકાઉન્ટ દ્વારા પ્રકાશિત ફૂટેજમાં આ સાઇટ પરથી બે મિસાઇલ લોન્ચ થતી જોવા મળી હતી, જોકે તે હુમલા પહેલાની હતી કે પછીની તે હજુ સ્પષ્ટ નથી. સમગ્ર ઈરાનમાં આવા અનેક ભૂગર્ભ 'મિસાઈલ શહેરો' પહાડોમાં કોતરવામાં આવ્યા છે, જે દેશની બેલેસ્ટિક મિસાઈલ ક્ષમતાને મજબૂત બનાવે છે. ઈરાને તેના મિસાઈલ ભંડારને વિનાશથી બચાવવા માટે વર્ષો સુધી આ વિશાળ બંકરોનું નિર્માણ કર્યું છે. જૂન મહિનાના 12 દિવસના યુદ્ધમાં ઈઝરાયેલે તેહરાનના માળખાકીય સુવિધાઓ પર હુમલા કર્યા હોવા છતાં, ઈરાનનો મોટાભાગનો મિસાઈલ સ્ટોક સુરક્ષિત રહ્યો હતો. અમેરિકી ગુપ્તચર એજન્સીઓના મતે ઈરાન પાસે હજુ પણ અડધા લોન્ચર્સ અને હજારો ડ્રોન અકબંધ છે. તાજેતરના આંકડા મુજબ, ઈરાન પાસે તેના દરિયાકાંઠાના સંરક્ષણ માટે ક્રૂઝ મિસાઈલોનો મોટો જથ્થો પણ છે, જેનાથી તે હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરજવરને જોખમમાં મૂકી શકે છે. જો કે અમેરિકી અને ઈઝરાયેલી દળોએ હવાઈ હુમલાઓ દ્વારા ટનલના પ્રવેશદ્વારો અને વેન્ટિલેશન શાફ્ટને નુકસાન પહોંચાડ્યું છે, પરંતુ ભૂગર્ભમાં રહેલી મુખ્ય સિસ્ટમ હજુ પણ સુરક્ષિત છે.

## પેજ 3

### સ્વાતિ પિરામલની બર્થ ડે પાર્ટીમાં નીતા અંબાણી સાડી છોડી સ્ટાઇલિશ બ્લેક આઉટફિટમાં જોવાં મળ્યાં



મુંબઈ, તા. 5 : જ્યારે પણ અંબાણી પરિવાર કોઈ ઉજવણી માટે એકઠો થાય છે ત્યારે વિશ્વ સામાન્ય રીતે ભારે બનારસી સિલ્ક, અલંકૃત લહેંગા અને શાનદાર ડિઝાઇનર વસ્ત્રોની અપેક્ષા રાખતું હોય છે. જોકે, ઇશા અંબાણીના સાસુ સ્વાતિ પિરામલના 28 માર્ચના રોજ યોજાયેલા 70મા જન્મદિવસ માટે પરિવારના વડા નીતા અંબાણીએ આધુનિક અને સાદગીપૂર્ણ અંદાજ અપનાવ્યો હતો. એપ્રિલના રોજ ઇન્સ્ટાગ્રામ પર ફેન પેજ 'અંબાણી અપડેટ' દ્વારા શેર કરવામાં આવેલી નવી અદૃશ્ય ઝલક એક એવી ઉજવણી દર્શાવે છે, જેમાં નીતા અંબાણીએ તેની સ્ટાઇલમાં આવેલા બદલાવનું નેતૃત્વ કર્યું હતું, તેઓએ આ વખતે આકર્ષક અને આધુનિક લૂક પસંદ કર્યો હતો.

### દિલ્હીમાં યોજાયેલા એક લગ્ન પ્રસંગમાં શાહરૂખ અને સલમાને ગ્લેમરમાં વધારો કર્યો



નવી દિલ્હી, તા.5 : પત્રકાર રજત શર્માની પુત્રી દિશાના નવી દિલ્હીમાં યોજાયેલાં લગ્નમાં બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન અને સલમાન ખાન હાઈ-પ્રોફાઇલ મહેમાનોમાં સામેલ હતા. દિશાએ તમિલનાડુના કાયદાકીય વ્યાવસાયિક સુદર્શન એમ. જે. સાથે લગ્ન કર્યાં છે. આ યુગલે 4 એપ્રિલના રોજ પરંપરાગત દક્ષિણ ભારતીય વિધિથી લગ્ન કર્યાં હતાં, જેમાં અનેક અગ્રણી હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. સલમાન ખાન તેની બહેન અર્પિતા ખાન અને તેના પતિ આયુષ શર્મા સાથે લગ્નમાં હાજરી આપવા પહોંચ્યો હતો. તે નવપરિણીત યુગલ અને તેમના પરિવારના સભ્યો સાથે ફોટા પડાવતો જોવા મળ્યો હતો. શાહરૂખ ખાન તેની મેનેજર પૂજા દદલાની સાથે પહોંચ્યો હતો.

### પ્રભાસની ફિલ્મ 'ફૌજી'ના સેટ પરથી તસવીરો લીક થતાં મેકર્સની કડક કાર્યવાહીની ચેતવણી




ચેન્નાઈ, તા. 5 : પ્રભાસની આગામી ફિલ્મ 'ફૌજી'ના સેટ પરથી કેટલીક તસવીરો લીક થઈ ગઈ છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ તસવીરોને યુઝર્સ પણ જોરશોરથી શેર કરી રહ્યા છે. આ જોઈને ફિલ્મના મેકર્સે તસવીરો સર્ક્યુલેટ કરનારાઓ સામે કડક એક્શનની ચેતવણી આપી છે. 'ફૌજી' એક તેલુગુ ફિલ્મ છે, જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે. ફિલ્મનું નિર્દેશન હનુ રાઘવપુડીએ કર્યું છે. હાલમાં જ 'ફૌજી'ના સેટ પરથી તસવીરો લીક થઈ, તો મેકર્સ તરત જ એક્શનમાં આવી ગયા. તેમણે એક્સ પર ફિલ્મના લીક કન્ટેન્ટ અંગે યુઝર્સને ચેતવણી આપી કે તેઓ તેને સર્ક્યુલેટ ન કરે. જે આવું કરશે, તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# ચીને દુનિયાના સૌથી ભારે કાર્ગો ડ્રોનનું પરિક્ષણ કર્યું : ભારતની ચિંતા વધી

**આ** કાર્ગો ડ્રોનની મદદથી ચીન LAC સુધી ભારે હથિયારો પહોંચાડી શકશે

**તિબેટ** જેવા ઉંચાઇવાળા વિસ્તારોમાં પણ આ કાર્ગો કામગીરી બજાવી શકે છે



બૈજિંગ, તા. ૫ : ચીને દુનિયાના સૌથી ભારે કાર્ગો ડ્રોન CY-8નું સફળ ઉડાન પરીક્ષણ કર્યું છે. આ ડ્રોન 7 ટનના પેલોડ સાથે ઉડાન ભરવા માટે સક્ષમ છે. મોટી વાત એ છે કે CY-8 ડ્રોન માત્ર 280 મીટર લાંબા રનવે પરથી ઉડાન ભરી શકે છે. તેનો ઉપયોગ લદ્દાખ જેવા દુર્ગમ વિસ્તારોમાં કરી શકાશે.

ચીને સરહદ પર ભારત સાથેના તણાવ વચ્ચે દુનિયાના સૌથી ભારે કાર્ગો ડ્રોનનું સફળ પરીક્ષણ કર્યું છે. આ ડ્રોનનું નામ ચાંગયિંગ-8 (CY-8) છે. ચાંગયિંગ-8 ને ચીની સંરક્ષણ કંપની 'ચાઈના નોર્થ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપ કોર્પોરેશન લિમિટેડ' (NORINCO) દ્વારા વિકસાવવામાં આવ્યું છે. તેને ટૂંકા અંતરથી ઉડાન ભરવા અને ઉતરવાની સાથે-સાથે વધુ ઊંચાઈવાળા ઉચ્ચપ્રદેશો (તિબેટ) અને દ્વીપીય ક્ષેત્રો (દક્ષિણ અને પૂર્વી ચીન સાગર) માં પણ સંચાલન કરવા માટે સક્ષમ બનાવવામાં આવ્યું છે. આ ડ્રોનથી સરહદ પર ભારતની ચિંતા વધી શકે છે.

ચીનના સરકારી પ્રસારક CCTV અનુસાર, ચાંગયિંગ-8 (CY-8) ડ્રોને મંગળવારે સવારે મધ્ય ચીનના હેનાન પ્રાંતના ઝેંગઝોઉ એરપોર્ટ પર તેની પ્રથમ ઉડાન સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. CY-8 ડ્રોને માત્ર 280 મીટર (919 ફૂટ) લાંબા રનવે પરથી ઉડાન ભરી અને લગભગ અડધા કલાક પછી લેન્ડ કર્યું. CCTV એ જણાવ્યું કે પરીક્ષણ ઉડાને CY-8 ના ઈન્ટેલિજન્ટ ફ્લાઈટ કંટ્રોલ, એવિઓનિક્સ, પાવર અને ફ્યુઅલ સિસ્ટમ્સ તેમજ ઉડાન પ્રદર્શનને પ્રમાણિત કર્યું છે.

CCTV અનુસાર, CY-8 અત્યાર સુધીનું દુનિયાનું સૌથી ભારે કાર્ગો ડ્રોન છે. રિપોર્ટમાં CY-8 ને "માનવરહિત હવાઈ ભારે ટ્રક" કહેવામાં આવ્યું છે. આ ડ્રોન 3.5 ટન વજનનું છે અને તેની પેલોડ ક્ષમતા પણ એટલી જ છે. CY-8 ડ્રોન 7 ટન ટેક-ઓફ વજન સાથે ઉડાન ભરી શકે છે. આ ડ્રોન 17 મીટર લાંબુ છે અને તેની પાંખોનો ફેલાવો 25 મીટર છે. સરકારી પ્રસારક અનુસાર, તેમાં 18-ક્યુબિક મીટર (636-ક્યુબિક ફૂટ) નો સંપૂર્ણ બંધ કાર્ગો બે (સામાન રાખવાની જગ્યા) છે, જેમાં આગળ અને પાછળ દરવાજા છે, જેનાથી કાર્ગોને ઝડપથી લોડ અને અનલોડ કરી શકાય છે.

### CY-8 ડ્રોનની ખાસિયતો

CY-8 ડ્રોનમાં ઊંચાઈવાળા વિસ્તારો અને દ્વીપીય ક્ષેત્રોમાં તૈનાત થવાની ઉત્તમ ક્ષમતાઓ છે. તેનો ઉપયોગ જાસૂસી, રિ-સપ્લાય, કટોકટીના બચાવ કાર્યો અને કોમ્યુનિકેશન રિલે માટે કરી શકાય છે. આ કાર્ગો ડ્રોન પોતાના આસપાસના વાતાવરણ મુજબ ખૂબ જ સરળતાથી અનુકૂલિત થઈ જાય છે, તેમાં બે ટર્બોપ્રોપ એન્જિન લાગેલા છે, અને તેમાં ઊંચાઈવાળા વિસ્તારોમાં બનેલા સામાન્ય રનવે પર પણ ટેક-ઓફ અને લેન્ડ કરવાની ક્ષમતા છે. તેના ડેવલપર, નૌરિન્કોની સહાયક કંપની બીજિંગ નોર્ઇન ચેંગયિંગ યુએવી ટેક્નોલોજી અનુસાર, આ ડ્રોન સૈન્ય અને નાગરિક, બંને પ્રકારના ઉપયોગ માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે. CCTV એ જણાવ્યું કે CY-8 ને અલગ-અલગ મિશન પેલોડ સાથે ઝડપથી તૈયાર કરી શકાય છે અને તેને ઇમરજન્સી કોમ્યુનિકેશન, હવામાનમાં ફેરફાર અને ઇલેક્ટ્રોનિક જાસૂસી જેવા કાર્યો માટે પણ અપગ્રેડ કરી શકાય છે.

**'ગોડમેન' ખરાત કેસ :**

# સરકાર સીડીઆર લીકની તપાસ કરશે : ફડણવીસ

**મહારાષ્ટ્રના** મુખ્યમંત્રીએ ઈડી દ્વારા તેની મિલકતોની તપાસ પણ કરાવવાની વાત કરી

નાસિક/મુંબઈ, તા. 5 (PTI) : મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રવિવારે સ્વયંભૂ ગોડમેન બની બેઠેલા અશોક ખરાતના કેસમાં કથિત સીડીઆર (કોલ ડેટા રેકોર્ડ્સ) લીકની તપાસ સરકાર કરશે અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) તેની મિલકતોની તપાસ કરશે.

એક્ટિવિસ્ટ અંજલિ દમણિયાએ શુક્રવારે ખરાત અને શિવસેનાના વડા અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે વચ્ચે કથિત રીતે થયેલી વાતચીત અંગે કરેલા ખુલાસા બાદ મચેલા હોબાળા વચ્ચે ફડણવીસે કહ્યું હતું કે, આવા કોલ ડેટા રેકોર્ડ્સ મેળવવાનો કોઈને અધિકાર નથી.

સ્વયંભૂ ગોડમેન-કમ-જ્યોતિષીની માર્ચમાં ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે એક પરિણીત મહિલાએ તેના પર ત્રણ વર્ષ સુધી વારંવાર બળાત્કાર કરવાનો આરોપ લગાવ્યો હતો. અત્યાર સુધીમાં તેની સામે કુલ આઠ એફઆઈઆર નોંધવામાં આવી છે.

ત્યાર બાદ થયેલી તપાસમાં જાતીય સતામણી અને જમીન તેમ જ અન્ય મિલકતો સાથે જોડાયેલી નાણાકીય ગેરરીતિઓ સહિતના અનેક ગુનાઓ બહાર આવ્યા હતા.

ખરાતની ધરપકડ બાદ શિંદે અને એનસીપી નેતા રૂપાલી ચાકણકર સહિત મહારાષ્ટ્રના અગ્રણી રાજકારણીઓ સાથે ખરાતના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. શિંદેએ, જેઓ ત્યારે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી હતા, 2022માં ખરાતના મંદિરની મુલાકાત લીધી હતી.

નાસિકમાં ફડણવીસે જણાવ્યું હતું કે, "અશોક ખરાત કેસમાં સીડીઆર લીકની તપાસ કરવામાં આવશે અને કડક કાર્યવાહી કરવામાં આવશે. કોલ ડેટા રેકોર્ડ્સ એક્સેસ કરવાનો કોઈને અધિકાર નથી; માત્ર અધિકૃત એજન્સીઓ જ તેમ કરી શકે છે. આ ડેટા કેવી રીતે લીક થયો અને કોના દ્વારા કરવામાં આવ્યો તેની તપાસ રાજ્ય સરકાર કરશે."

# આર્ટેમિસ II મિશનના ઓરિયન યાનનું શૌચાલય બગડ્યું

**પેશાબનો** નિકાલ થઇ શકતો નથી, પાઇપલાઇનમાં બરફ જામી ગયો હોવાની શંકા

**ચંદ્રની** નજીક પહોંચી રહેલા અવકાશયાત્રીઓ, અડધો રસ્તો વટાવી દીધો



હ્યુસ્ટન, 5(AP): ચંદ્રના અડધા રસ્તે પહોંચી ગયેલા આર્ટેમિસ II મિશનના અવકાશયાત્રીઓ તેમની ઐતિહાસિક ચંદ્ર પ્રદક્ષિણા માટે તૈયારી કરી રહ્યા છે, જે તેમને એપોલો અવકાશયાત્રીઓ કરતાં પણ વધુ ઊંડા અવકાશમાં લઈ જશે. બીજી તરફ, નકારાત્મક પાસું એ છે કે તેમનું શૌચાલય ફરીથી બગડ્યું છે.

ત્રણ અમેરિકન અને એક કેનેડિયન અવકાશયાત્રી સોમવારે તેમના ગંતવ્ય સ્થાને પહોંચવાના છે, જ્યાં તેઓ ચંદ્રની રહસ્યમય પાછળની બાજુના ફોટા લેતા પસાર થશે. છેલ્લા 53 વર્ષોમાં ચંદ્ર તરફ જનારી આ પ્રથમ માનવ ટુકડી છે, જે નાસાના એપોલો પ્રોગ્રામ જ્યાંથી અટક્યો હતો ત્યાંથી આગળ વધી રહી છે. પાયલોટ વિક્ટર ગ્લોવરે અહેવાલ આપ્યો હતો કે, પૃથ્વી ઘણી નાની દેખાઈ રહી છે અને ચંદ્ર ચોક્કસપણે મોટો થઈ રહ્યો છે. જ્યાં સુધી ઓરિયન કેપ્સ્યુલનું બાથરૂમ ઠીક ન થાય ત્યાં સુધી મિશન કંટ્રોલે અવકાશયાત્રીઓને બેકઅપ યુરીન કલેક્શન બેગ્સનો ઉપયોગ કરવાની સૂચના આપી છે. આ શૌચાલય બુધવારના લોન્ચિંગ બાદ જ બગડ્યું હતું અને ત્યારથી તે ક્યારેક ચાલે છે તો ક્યારેક બંધ થઈ જાય છે. આ શૌચાલયનું એક વર્ઝન વર્ષો પહેલા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પણ ચકાસવામાં આવ્યું હતું.

એન્જિનિયરોને શંકા છે કે પાઈપલાઈનમાં બરફ જામી જવાને કારણે પેશાબ સંપૂર્ણપણે બહાર નીકળી શકતો નથી. જો કે, શૌચાલય હજુ પણ મળત્યાગ માટે કાર્યરત છે. નાસાના ઓરિયન પ્રોગ્રામના ડેપ્યુટી મેનેજર ડેબી કોર્થે જણાવ્યું કે અવકાશયાત્રીઓએ બાથરૂમમાંથી ગંધ આવતી હોવાની પણ ફરિયાદ કરી છે, જે કેપ્સ્યુલના તળિયામાં પ્રાઈવસી માટે દરવાજા અને પડદા સાથે રાખવામાં આવ્યું છે. તેમણે નોંધ્યું કે સ્પેસ શટલના શૌચાલયોમાં પણ અવારનવાર આવી ખામીઓ સર્જાતી હતી.

# લોકસભા-વિધાનસભાની બેઠકો વધારવાના મોદીના પ્રયાસ પર કોંગ્રેસના પ્રહાર

**વડા પ્રધાન** દેશની જનતાની આંખમાં ધૂળ નાખીને ભ્રમિત કરનારા નિવેદનો આપી રહ્યા છે : કોંગ્રેસ

નવી દિલ્હી, તા. 5 (PTI): રવિવારે કોંગ્રેસે લોકસભાની બેઠકો વધારવાના પ્રસ્તાવને લઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા હતા. કોંગ્રેસે કહ્યું હતું કે, તેઓ આ પગલાને 'બુલડોઝ' કરી રહ્યા છે, જે મોટા અને વધુ વસ્તી ધરાવતા રાજ્યોને વધુ ફાયદો કરાવશે અને આ બીજું કંઈ નહીં પણ 'વેપન ઓફ માસ ડિસ્ટ્રેક્શન' અર્થાત જનતાનું ધ્યાન ભટકાવવાનું હથિયાર છે.

વિપક્ષી પાર્ટીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે, વડા પ્રધાન દેશની જનતાની આંખમાં ધૂળ નાખી રહ્યા છે અને ભ્રમિત કરનારા નિવેદનો આપી રહ્યા છે જે છેતરવા માટે છે.

એક્સ પરની એક પોસ્ટમાં કોંગ્રેસના મહાસચિવ (સંચાર પ્રભારી) જયરામ રમેશે જણાવ્યું હતું કે, ''પીએમ તેમની છેતરવા માટેના ભ્રમિત કરનારા નિવેદનો આપવાની હંમેશની યુક્તિઓ અજમાવી રહ્યા છે.

તેઓ કહે છે કે જો લોકસભાની સભ્ય સંખ્યામાં 50%નો વધારો કરવામાં આવે અને દરેક રાજ્યની લોકસભા બેઠકોમાં પણ 50%નો વધારો કરવામાં આવે તો દક્ષિણ ભારતના રાજ્યોને કોઈ નુકસાન થશે નહીં.''

રમેશે કહ્યું, ''આ દેશના લોકોને છેતરવા જેવું છે, જેમાં પીએમ અજોડ નિપુણતા ધરાવે છે.''

રમેશે કહ્યું હતું કે, ઉદાહરણ તરીકે, અત્યારે લોકસભામાં યુપી અને કેરળની બેઠકો વચ્ચેનો તફાવત 60 છે અને મોદીના પ્રસ્તાવથી તે વધીને 90 થઈ જશે.

તેવી જ રીતે, યુપી અને તમિલનાડુ વચ્ચેનો તફાવત 41થી વધીને ઓછામાં ઓછો 61 થશે. રમેશે ઉમેર્યું હતું કે આવા અનેક ઉદાહરણો આપી શકાય છે.

કોંગ્રેસ નેતાએ કહ્યું, ''મિસ્ટર મોદી એવા પ્રસ્તાવને બુલડોઝ કરી રહ્યા છે, જેનાથી મોટા અને વધુ વસ્તી ધરાવતા રાજ્યોને વધુ ફાયદો કરાવશે. કારણ કે, તેમની પહેલેથી જ વધુ સંખ્યામાં વધુ વધારો થશે.''

# દારૂની બોટલ પરના QR કોડની મદદથી 24 કલાકમાં હત્યા કેસ ઉકેલાયો

**પોલીસ** QR કોડની મદદથી દારૂની દુકાન શોધી CCTVના આધારે આરોપીઓ સુધી પહોંચી

આગ્રા, તા. 05 : ઉત્તર પ્રદેશના એક ચોંકાવનારા કિસ્સામાં એક મહિલાએ કથિત રીતે તેના પ્રેમી સાથે મળીને તેના પતિની હત્યાનું કાવતરું ઘડ્યું હતું, પરંતુ ઘટનાસ્થળે રહી ગયેલી એક નાની એવી ચીજે પોલીસને 24 કલાકમાં આ ગુનાનો પર્દાફાશ કરવામાં મદદ કરી હતી.

આ ઘટના આગ્રા પાસે બની હતી, જ્યાં લોકેન્દ્ર તરીકે ઓળખાતા પીડિતનો અર્ધ સળગેલી હાલતમાં મૃતદેહ રોડની બાજુમાંથી મળી આવ્યો હતો. તે 1 એપ્રિલથી ગુમ હતો. શરૂઆતમાં જે કેસ મુશ્કેલ જણાતો હતો તે પોલીસને એક મહત્ત્વપૂર્ણ કડી મળ્યા બાદ ઝડપથી ઉકેલાઇ ગયો હતો

અહેવાલ મુજબ, તપાસકર્તાઓએ દારૂની બોટલ પર છપાયેલા ક્યુઆર કોડને સ્કેન કર્યો, જેનાથી તે કઈ દુકાનમાંથી ખરીદવામાં આવી હતી તેની ચોક્કસ માહિતી મળી. આ ડિજિટલ ફૂટપ્રિન્ટ કેસમાં ટર્નિંગ પોઇન્ટ સાબિત થઈ.

# હોર્મુઝની ચિંતાઓ વચ્ચે સરકારે એલપીજી સપ્લાય વધાર્યો, શાંતિ જાળવવા વિનંતી કરી

નવી દિલ્હી, તા. 5 (PTI): નાના 5-કિલોના એલપીજી સિલિન્ડરનું વેચાણ, જે માન્ય આઈડી પ્રૂફ બતાવવા પર એલપીજી વિતરકો પાસે સીધા જ કાઉન્ટર પર ઉપલબ્ધ છે, તેમાં વધારો કરવામાં આવ્યો છે. માંગને પહોંચી વળવા સરકાર દ્વારા પુરવઠો વધારવામાં આવતાં 23 માર્ચથી અત્યાર સુધીમાં આશરે 6.6 લાખ બોટલોનું વેચાણ થયું છે.

સબસિડીવાળા ઘરેલુ 14.2-કિલોના સિલિન્ડરથી વિપરીત, 5 કિલોની બોટલ, જેને એફટીએલ સિલિન્ડર કહેવામાં આવે છે, તેની કિંમત બજાર ભાવ મુજબ હોય છે અને નજીકના એલપીજી વિતરક પાસેથી મેળવવા માટે કોઈ સરનામાના પુરાવાની જરૂર પડતી નથી.

પેટ્રોલિયમ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ગઈકાલે (4 એપ્રિલ), 90,000થી વધુ 5 કિલોના એફટીએલ સિલિન્ડર વેચાયા હતા. 23 માર્ચ, 2026 થી અત્યાર સુધીમાં આશરે 6.6 લાખ 5 કિલોના એફટીએલ સિલિન્ડરનું વેચાણ થયું છે." મંત્રાલયે જણાવ્યું હતું કે, એલપીજી વિતરક પોઈન્ટ્સ પર અછતના કોઈ અહેવાલ નથી, દિવસ દરમિયાન 51 લાખથી વધુ ઘરેલુ સિલિન્ડરોની ડિલિવરી કરવામાં આવી છે અને કુલ માંગમાં ઓનલાઈન બુકિંગનો હિસ્સો 95 ટકા છે.




સત્તાવાળાઓએ સંગ્રહખોરી અને કાળાબજાર સામે કાર્યવાહી તેજ કરી છે, માર્ચ મહિનાથી અત્યાર સુધીમાં 50,000થી વધુ સિલિન્ડરો જપ્ત કર્યા છે અને એલપીજી વિતરકોને 1,400થી વધુ કારણદર્શક નોટિસ પાઠવી છે, જેમાં અત્યાર સુધીમાં 36 ડીલરશીપ સસ્પેન્ડ કરવામાં આવી છે.

સરકારે ઘરેલુ એલપીજી અને પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી)ના પુરવઠાને પ્રાધાન્ય આપ્યું છે, ખાસ કરીને ઘરો અને હોસ્પિટલો તથા શૈક્ષણિક સંસ્થાઓ જેવી આવશ્યક સેવાઓ માટે, જ્યારે રિફાઈનરી આઉટપુટ વધારવામાં આવ્યું છે અને એલપીજી રિફિલના સમયગાળામાં વધારો કરીને માંગનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.